# આકાશવાણી ભુજ

**સમાચાર વાચક: કલ્પના શાહ**

**કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ**

**તારીખ : ૧૪-૦૬-૨૦૨૪ શુક્રવાર સમય : સાંજે ૬:25 કલાકે**

---

## આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-યોગ સપ્તાહ:

ગુજરાતમાં રાજ્ય સરકાર અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ૨૧ જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસની પૂર્વ તૈયારીના ભાગરૂપે સમગ્ર ગુજરાતમાં તારીખ ૧૪ જૂનથી ૨૦ જૂન સુધી યોગ સપ્તાહ ઉજવવામાં આવી રહ્યો છે. કચ્છમાં ભુજ ખાતે આવેલા બીએસએફ કેમ્પ , જેલ અને અલગ અલગ સ્થળોએ યોગની તાલીમ આપીને યોગ બોર્ડ દ્વારા યોગ સપ્તાહની ઉજવણીની શરૂઆત કરવામાં આવી હતી.

આવતીકાલે મુન્દ્રા રોડ પર આવેલા ૫૯ બીએસએફ કેમ્પ ગ્રાઉન્ડમાં ભુજ શહેરવાસીઓ , બીએસએફ જવાનો, પોલીસના જવાનો સાથે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ જ રીતે ગાંધીધામ ખાતે હોટલ રેડિશનમાં તારીખ ૧૬ જૂનના સવારે ૬ થી ૮ વાગ્યા સુધી યોગ શિબિરનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

જિલ્લામાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના પૂર્વે યોગ બાબતે લોકોમાં અવેરનેસ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન જિલ્લા વહીવટી તંત્રના સંકલનમાં રહીને યોગ બોર્ડ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

- (માહિતી ખાતુ, ભુજ)

---

## રાષ્ટ્રીય લોક અદાલત:

દેશ સહિત રાજ્યભરમાં કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા 22મી જૂન શનિવારના રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરાયું છે. આ લોક અદાલતમાં ફોજદારી , બેંક વસુલાત, અકસ્માત વળતર, જમીન સંપાદન, કૌટુંબિક પ્રશ્નો અને ભરણ પોષણ જેવા દિવાની દાવાઓ, વીજળી અને પાણીનાં બીલનાં કેસો, મહેસૂલ, વાહનના ઇ મેમો સહિતના કેસોનો સમાધાનપૂર્વક નિકાલ કરવા પ્રયત્ન થશે.

આ અંગે વિગતો આપતા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવ આર.બી. સોલંકીએ આ પ્રમાણે જણાવ્યું હતું. (બાઇટ : આર.બી. સોલંકી)

- (પરેશ મારુ)

---

## બન્ની-આગ:

ઘાસીયા મેદાન માટે પ્રખ્યાત એવા બન્ની વિસ્તારમાં આવેલા ગોરેવાલી ગામ પાસે આગ લાગતા દોડધામ મચી ગઇ હતી. ધોરોડથી 6 કિલોમીટર દૂર વન વિભાગ હસ્તકના ગોડાઉનમાં રાખવામાં આવેલા ઘાસચારાના જથ્થામાં અચાનક આગ લાગી ગઇ હતી. રાત્રીના સમયે લાગેલી આગને કાબુમાં લેવા ભુજ ફાયર વિભાગ અને વન વિભાગના ટેન્કરો દ્વારા સતત પાણીનો મારો ચલાવાતા આગ પર કાબુ મેળવાયો હતો.

આગ લાગવાનું ચોક્કસ કારણ તપાસ બાદ સામે આવશે તેવું વન વિભાગના અધિકારીઓ દ્વારા જણાવવામાં આવ્યું છે.

- (પરેશ મારુ)

---

## વિશ્વ રક્તદાતા દિવસ:

આજે વિશ્વ રક્તદાતા દિવસ છે . રાજ્યની સાથે જીલ્લામાં અનેક સ્થળે વિશ્વ રક્તદાતા દિવસની ઉજવણી કરાઈ રહી છે. ત્યારે રક્તદાનથી ભાવનાત્મક સ્વાસ્થ્યમાં સુધારો થાય છે, તણાવ ઘટે છે, હૃદયરોગનું જોખમ પણ ઘટે છે તેવું જી.કે . જનરલ હોસ્પીટલના બ્લડ બેન્કના હેડ ડો. જીજ્ઞા બેન ઉપાધ્યાયે જણાવ્યું હતું. અત્રે નોંધનીય છે કે, રક્ત દાન કરવાથી પોતાનું સ્વાસ્થ્ય તો સારું રહે છે સાથે અન્ય વ્યક્તિને પણ રક્તથી નવજીવન મળી શકે છે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## હવામાન વિભાગની એપ્લીકેશન:

લોકોને હવામાનની માહિતી સરળતાથી મળી શકે તે હેતુથી હવામાન વિભાગની અત્યાધુનિક એપ્લિકેશન્સ 'મોસમ', 'દામિની', 'મેઘદૂત એગ્રો એપ્લીકેશન ' અને 'પબ્લિક ઓબ્ઝર્વેશન એપ્લિકેશન્સ ઉપલબ્ધ છે. જે હવામાનની સચોટ માહિતી મેળવવામાં મદદરૂપ થાય છે. વર્ષાઋતુને ધ્યાનમાં રાખી હવામાન વિભાગ , ભારત સરકાર દ્વારા આ એપ્લિકેશન તૈયાર કરવામાં આવી છે. આ તમામ એપ્લિકેશન IMDની વેબસાઈટ અને ગૂગલ પ્લે સ્ટોર ઉપર ઉપલબ્ધ છે. આ મોબાઈલ એપ્લિકેશન્સ વરસાદની આગાહી , વીજળીથી બચાવ, ખેતી માટે ઉપયોગી છે. કચ્છ જિલ્લાના ખેડૂતો સહિત તમામ નાગરિકોને આ એપ્લિકેશનની ડાઉનલોડ કરવા મામલતદારશ્રી ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ દ્વારા અનુરોધ કરાયો છે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## વરસાદ-પૂર્વ કચ્છમાં વરસાદી ઝાપટા:

**હવામાન વિભાગે રાજ્યમાં આગામી 5 દિવસ હળવા વરસાદની આગાહી કરી છે. ત્યારે પૂર્વ કચ્છના રાપર તાલુકાના ખાંડેક, ભુટકિયા, હમીરપર, આસપાસના વિસ્તારોમાં આજે સાંજે પવન સાથે વરસાદી ઝાપટા થયા છે જેને પગલે ગરમીમાં આંશિક રાહત મળી હોવાનું ખાંડેકથી કરમશી મળી એ ફોન પર જણાવ્યું હતું.**

**- (કલ્પના શાહ)**

---